C. C. NO.122021/2024

**આંક–૧ ની ફરીયાદ લગત હુકમ.**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. હાલની ફરીયાદ પોલીસ ધ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(એ) (ક્રિમી.પ્રોસી. કોડની કલમ: ૧૯૦(૧)(એ)) અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ, સજાની જોગવાઈ અને હાલની ફરીયાદ કોર્ટમા રજુ કર્યાની તારીખ જોતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૫૧૪ (ક્રિમી. પ્રોસી. કોડની કલમ: ૪૬૮) મુજબ કોગ્નિઝન્સ લેવાની સમયમર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી. આ સંજોગોમાં અત્રેની કોર્ટ ધ્વારા કાયદાની નિયત કરેલી સમયમર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહી અને આરોપી સામે ટ્રાયલ શરુ કરી શકાય નહી. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. જેથી હાલનો કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૫૧૪ (ક્રિમી. પ્રોસી. કોડની કલમ: ૪૬૮) ના પ્રબંધો મુજબ સદરહુ કેસ ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪/૧૨/૨૦૨૪

(ડી. એચ. ખંભાતી)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રે ટ,
કોર્ટ નં.૬,અમદાવાદ.
જી.જે.૦૦૮૬૬